# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૨૬ • તા.૦૮ થી ૧૪ ઓક્ટોબર ૨૦૨૨



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## જૈન શાસનના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે અધ્યાત્મ પરિવારના ટ્રસ્ટી શ્રી હિતેશ મોતાએ કેન્દ્રીય મંત્રી સાથે દિલ્હીમાં મુલાકાત કરી





# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# અનુભવની અવ્યક્ત લાગણી

દેવ મંદિરમાં જઈ એ બે હાથ જોડી બન્ને આંખ બંધ કરી હૃદયપૂર્વક મૌન સ્મરણ દ્વારા પ્રભુની પ્રાર્થના કરીએ ત્યારે ઊંડે ઊંડે શાંતીના અહેસાસ થાય. મનના ઉદ્વેગોનું શમન થાય અને મસ્તકમાં ઉચાપાત મચાવતા વિચાર આંદોલન ધીમા પડે, હળવા થાય એ ઈશ્વર હોવાનો અનુભવ. તીર્થ સ્થળોની જાત્રા કરવાનો ઉપક્રમ પવિત્ર નદી, સરોવરમાં નહાવાનો લહાવો લેવાનો મોકો ખાસ કરીને વયસ્ક જનો જવા દેતા નથી. અહીં આવવાથી તેમનો આત્મબળ વધે છે. આ અનુભવ આ લાગણી એટલે અનુભૂતિ.

દરેક વ્યક્તિના વાણી વિચાર અને વર્તનના પડઘા અલગ અલગ હોય છે. એક વ્યક્તિ સાથે સંવાદ કરવાનું આપણું મન તલસતું હોય છે ત્યારે અન્ય વ્યક્તિ આપણને ન મળે એની ઈચ્છા હોય છે. અને એ મળે તો જલદી એનાથી છૂટીએ એવી ભાવના થાય. આ વૈચારિક આંદોલનનો સુમેળ પણ એક પ્રકારની અનુભૂતિ છે. કલ્પના, તર્ક કે ખ્યાલ એ અલગ વસ્તુ છે. જ્યારે અનુભૂતિ એ સત્ય છે. અનુભૂતિ એટલે પોતે જાતે અનુભવેલું, સાંભળેલું નહીં. અનુભૂતિ શારીરિક, માનસિક કે આધ્યાત્મિક પણ હોઈ શકે. જેમ શ્રદ્ધા કે આસ્થાના પુરાવા હોતા નથી. અનુભૂતિના પણ ક્યાં આધાર પુરાવ હોવાના? પરમાત્માને માનનારા આસ્તિક તરીકે ઓળખાય છે. તો ઈશ્વરના અસ્તિત્વને નકારનારા નાસ્તિક તરીકે વગોવાયા છે. બંન્ને આમતો પોત પોતાના વિચાર ખ્યાલોને દ્રઢ પણે માનનારા જ છે. અનુભવએ અવ્યક્ત લાગણી છે. જે શબ્દો દ્વારા વર્ણવી શકાતી નથી, વાણીથી વ્યક્ત થઈ શકતી નથી અને માત્ર વર્તન લાગણીના ઉન્માદ અને શરીરના અંગોના આંદોલનથી જ વ્યક્ત થાય છે.

કેટલાક પદાર્થો જોઈ શકાતા નથી, પણ અનુભવી શકાય છે. જેમ હવા અદ્રશ્ય છે પણ એની અસર જોઈ શકાય છે. આવું જ પ્રેમ લાગણી અને સ્નેહ વિષે છે. કોઈ વ્યક્તિ આપણને ગમતી હોય એને ચાહતા હોઈએ એ વ્યક્તિ આપણી પાસે ન હોય તો કંઈક અધૂરપ, અધૂરાશ અને અભાવ વર્તાય. આ અનુભૂતિની સૂક્ષ્મ લાગણી આપણે જરૂર અનુભવી શકીએ છીએ. કોઈ અપ્રિય ઘટના અત્યંત શોકજન્ય પરિસ્થિતિમાં આપણો હેમ ખેમ ઉગારો થાય ત્યારે ચમત્કાર થયો હોય એવી લાગણી થાય, કોઈ અદ્રશ્ય મદદ આપણે વહારે આવી આપણને હેમખેમ આ ઘટનામાંથી બહાર કાઢી એવું ભાસ થાય. આ અદ્રશ્ય શક્તિની અનુભૂતિએ આપણી ભાવના છે, શ્રદ્ધા અને વિશ્વાસ છે કોઈ દૈવી શક્તિ પ્રત્યેની આપણી આસ્થા છે.

અનુભૂતિ એ શારીરિક ઉપરાંત માનસિક સ્થિતિ છે. કોઈપણ કલા કે સર્જન કરતી વખતે કલાકારને અદભૂત માહોલ મળે જેમાં તેની સર્જનશક્તિ ખીલે એવું આપોઆપ થાય. ક્યારેક મુડ ન હોય ગમે તેટલો પ્રયાસ કરે છતાં કેન્વાસ કે કાગળ કોરો જ રહે. તો ક્યારેક એવો મુડ થઈ આવે કે ગમે તેટલો શારીરિક કષ્ટ હોય એ ભૂલીને સર્જનનો સ્તોત્ર ધૂધવે. આ અનુભવ અલૌકિક ક્ષણ એ અપ્રગટ અનુભૂતિ છે. જે પ્રકૃતિના સાક્ષાત્કારને વ્યક્ત કરે છે. અનુભવની આ અવ્યક્ત લાગણીએ જ અનુભૂતિ.

જય જ્ઞાતિમૈયા

# અર્ધ પાંગરેલા પુષ્પોને પ્રોત્સાહન આપીએ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

પરમાત્મા જ્યારે શરીરની એક ઈન્દ્રિયની ખામી આપે ત્યારે બીજી ઈન્દ્રિયોની સતર્કતા અને ક્ષમતાઓ અધિક આપે છે. એક અંગની ખોટની ભરપાઈ કરી બીજા અંગો આપ મેળે ખીલી ઉઠે છે. અપંગ, વિકલાંગ કહેવાતા વિશેષ વ્યક્તિઓને માટે દિવ્યાંગ સંબોધન-ઉદ્‌બોધન એ વ્યક્તિમાં કંઈક ખોટ કે ખામી નહીં પણ અંગમાં દૈવી તત્વ, દિવ્ય તેજ, દિવ્ય તાકત અને દિવ્ય શક્તિ છે. એવું ઈંગિત કરે છે.

બહુમતી લોકોથી વેગળી આવી વ્યક્તિઓ અર્ધ ખીલેલા પુષ્પો જેવા છે. પોતાની ખામી, ખોટથી એકલા સોરવાય નહીં, હીણી લાગણી ન અનુભવે એ માટે તેઓ પ્રત્યે દયા કે વિચારાની લાગણી નહિં પણ હેત-ભાવ, પ્રોત્સાહન-ઉત્સાહ આપી એ. પોતે એકાંતના કોચલામાં પૂરાયેલા ન રહે અને સમૂહમાં હળે, મળે, ભળે એવો તેમને ઉત્તેજન પૂરું પાડીએ. તેમના પરિવારજનો વડીલોને પ્રોત્સાહન આપીએ, શાબાશી આપીએ અને તેઓ દિવ્યાંગ સંતાનોનો ઉછેર-જેમ બગીચામાં માળી છોડની કરે છે એ રીતે કરે એ માટે તેઓને સહકાર આપીએ. શાબાશી આપી તેમની પીઠ થાબડીએ.

દિવ્યાંગ વ્યક્તિઓ દિવ્યજનો છે. સમસ્ત મહાજનની દિવ્યાંગ પાલક યોજના છે. એમાં સહભાગી બનીએ. આવી વિશિષ્ટ વ્યક્તિઓ પોતાની આવડત કલા-શોખને રોજગાર બનાવીને જીવન ગુજારો કરી શકે એવી વ્યવસ્થા ઊભી કરવામાં મદદરૂપ થઈએ. જેથી તેમનામાં પરાવલંબનની ભાવના નીકળે અને આત્મવિશ્વાસ આત્મ નિર્ભરતાનો ભાવ જાગે.

શારીરિક અક્ષમતાનો ભાવ દૂર કરી, પોતાની દૈવી શક્તિઓની ક્ષમતા પૂર્ણપણે બહાર લાવે, રચનાત્મક પ્રવૃત્તિની ખીલવણી કરે તો એમને પણ જિંદગી જીવવા, જેવી માણવા જેવી લાગે. એવો આપણે તેમને માહોલ આપીએ.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer


| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# જૈન શાસનના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે અધ્યાત્મ પરિવારના ટ્રસ્ટી શ્રી હિતેશ મોતાએ કેન્દ્રીય મંત્રી સાથે દિલ્હીમાં મુલાકાત કરી




અધ્યાત્મ પરિવારના ટ્રસ્ટી શ્રી હિતેશભાઈ મોતા લઘુમતી વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાની સાથે નવી દિલ્હી સ્થિત તેમના કાર્યાલય ખાતે મુલાકાત લઈ જૈન સંપ્રદાયના લઘુમતિને લગતા વિવિધ પ્રશ્નો બાબતે ચર્ચા વિચારણા કરી તેમને અવગત કર્યા હતા.

મુગલ શાસન સમયકાળ દરમ્યાન આક્રમણથી બચવા માટે જૈનચાર્યો અને તે સમયના જૈન સંપ્રદાયના અનુયાયીઓએ સંરક્ષણ માટે ઘણી જૈન મૂર્તિઓને જમીનમાં દાટી દીધી હતી. આ ખોદકામ કરતા સમયે જે જૈન મૂર્તિઓ મળી આવે છે તે તમામ જૈન મૂર્તિઓનું સ્થાપન જૈન ટ્રસ્ટોએ કરવું જોઈએ અને તેનું સમગ્ર સંચાલન જૈન ટ્રસ્ટોએ કરવું જોઈએ.

ભગવાન મહાવીરના શબ્દોના રૂપમાં ૨૫૦૦થી વધુ વર્ષથી જૂના જૈન આગમ. જ્ઞાન ભંડારમાં હજારો અને લાખોની સંખ્યામાં ગ્રંથો અલગ અલગ ખાદી અને તાડના પાન દ્વારા હસ્તલિખિત વિશેષ શાહી દ્વારા સાચવવા માટે જૈન સંપ્રદાયને લઘુમતી દરજ્જા હેઠળ મહતમ રકમ મળે તે માટે આવી વસ્તુઓ રાખવામાં આવી હતી.

અખિલ ભારતીય જૈન લઘુમતી ફેડરેશન AIJMFના પ્રમુખ શ્રી લલિત ગાંધીના સહયોગથી આ ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિ ઇરાનીજીએ લઘુમતી મુદ્દે સકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો અને ખાતરી આપી હતી કે સરકારનો સહયોગ આ બાબતે વહેલી તકે મળશે એ બાબતનું નિરાકરણ થશે.

મિટિંગને અંતે અધ્યાત્મ પરિવારના ટ્રસ્ટી હિતેશભાઈ મોતા એ અધ્યાત્મ સમ્રાટ પ.પૂ.આ.ભ.શ્રીમદ વિજયયોગતિલકસૂરિશ્વરજી મહારાજ સાહેબ દ્વારા લિખિત જીવનમાં સાચ્ચા સુખની શોધ પર પૂર્ણવિરામ લગાવે એવી બેમિસાલ બે પ્રવચન પુસ્તિકા 'કહાઁ હૈ સુખ' અને ANIHA સાથે મોમેન્ટો સ્મૃતિચિન્હ આપીને સહયોગ માટે કેન્દ્રીય મંત્રીજીનો આભાર માન્યો હતો.


## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી ક.દ.ઓ.જ્ઞાતિ મહાજન નલિયાના નેજા હેઠળ નલિયા ગામની સર્વ સંસ્થાઓની મિટિંગ યોજાઈ





તા.૪ ઓક્ટોબર મંગળવાર રોજ દેવપુંજ મુલુંડ ખાતે શ્રી ક.દ.ઓ.જ્ઞાતિ મહાજન નલિયાના પ્રમુખ શ્રી મુલચંદ પદમશી મોતાની નેતૃત્વમાં નલિયાની શ્રી નરશીનાથા ચેરિટબેલ ટ્રસ્ટ, શ્રી ચંદ્રપ્રભ અતિથિગૃહ તથા શ્રી નલિનપુર નારી નિગમ તથા નલિયાના શ્રેષ્ઠીવર્યો અને ટ્રસ્ટીઓ સાથે પ્રીતિભોજન બાદ સાંજે ૭ કલાકે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌ પ્રથમ નવકાર પઠન બાદ શ્રી પિનાકિન જેઠાભાઈ છેડાએ સૌને આવકાર આપ્યો હતો. અધ્યક્ષ સ્થાનેથી નલિયા મહાજન પ્રમુખ મુલચંદભાઈ મોતાએ પોતાના વક્તવ્યમાં પૂર્ણ થયેલ ટર્મના કાર્યોનું ટૂંકમાં અહેવાલ રજૂ કર્યો હતો. તેમણે નવી ટીમના સભ્યોની ઓળખાણ કરાવી હતી. સાથો સાથ આગામી સમયમાં માદરે ગામ વતન નલિયાના વિકાસ માટે નલિયામાં જૈનોની વસતી કેમ ટકાવી રાખવી તેમજ પુનઃ વસવાટ કેમ કરાવવું અને નલિયા દેરાસર સુધી મોટા વાહનો કઈ રીતે લાવવા તે માટે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

સાથે શ્રી મનોજભાઈ લોડાયા, દિલીપભાઈ નાગડા, હરેશભાઈ મોમાયા, વિરેન્દ્ર લોડાયા, ચેતનભાઈ ખોના, લીતેશભાઈ ખોના, હેમંતભાઈ મોતા એ નલિયા ગામના વિકાસાર્થે પોતાના વિચારો ઉપસ્થિત સમક્ષ મોકળા મને રજૂ કર્યા હતા.

આગામી ટૂંક સમયમાં નલિયા ગામવાસીઓનું સ્નેહમિલન મુંબઈમાં આયોજન કરવા વિષે સર્વ સંમતિથી નિર્ણય લેવાયો હતો. આમ આ મિટિંગ નલિયા ગામ માટે, ખૂબજ અગત્યની બની રહી હતી અને વિવિધ વિચારોની રજૂઆતથી સફળ રહી હતી.

# પાલિતાણા તીર્થે સિનિયર સિટીઝન તળેટી ૯૯ યાત્રા સુખપણે આગળ વધી રહી છે

તા.૯ સપ્ટેમ્બરથી શરૂ થઈ તા.૯ ઓક્ટોબર સુધી ચાલનારી આર્યરક્ષિત જૈન ધર્મ રક્ષક સંઘ દ્વારા પાલિતાણામાં સિનિયર સિટીઝન માટે શ્રી શત્રુંજય મહાતીર્થની પ્રતિકૃતિ સમાન તળેટીમાં બાબુના દેરાસર તરીકે પ્રખ્યાત શ્રી આદિનાથ જિનાલયની ૯૯ યાત્રા અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં સિનિયર સિટીઝન ભાવિકોની ૯૯ યાત્રા પૂર્ણાહૂતિ તરફ આગળ વધી રહી છે.

આ નિમિત્તે નિમ્નલિખિત ક.દ.ઓ.જૈન લાભાર્થી પરિવારો સમાવેશ છે. મુખ્ય સંઘપતિ માતુશ્રી સરલાબેન લાલજી વેલજી લોડાયા-વારાપધ્ધર, માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા-વારાપધ્ધર કલ્પતરૂ પરિવાર, માતુશ્રી લતાબેન મણિકાંત મેઘજી મોમાયા-વરાડિયા એકાસણા મિતિ લાભ લેનાર લાભાર્થી સ્વ.સૌ.નલિનીબેન ચંદ્રકાંત શામજી નાગડા-જખૌ. આ ૯૯ યાત્રાની પુર્ણાહૂતિ એ તથા દાદા કલ્યાણસાગરસૂરિશ્વરજી મ.સા. દાદા ગૌતમ સાગરસૂરિશ્વરજી મ.સા. સ્મૃતિ પર્વ નિમિત્તે પંચાન્હિકા મહોત્સવનું આયોજન છે. તા.૯ ઓક્ટોબર રોજે સંઘમાળ થશે.

# ડુમરા નગરે ૬૮ તીર્થ ભાવયાત્રા સંગીતકાર ઈરફાન મીર સંગાથે થઈ




તા.૬ ઓક્ટોબર ગુરૂવાર રોજે ડુમરા નગરે ૬૮ તીર્થ ભાવયાત્રા પ.પૂ.આર્યરક્ષિતાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સંગીતકાર ઇરફાન મીરના સથવારે ભવ્યતાથી થઈ.

# શ્રી શ્રીપાલ નરેશ્વર રાસ પુસ્તક આધારિત ઓપન બુક એકઝામનું આયોજન

તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના સુવર્ણ વરસીતપ અવસરે પ્રકાશિત 'શ્રી શ્રીપાલ નરેશ્વર રાસ' પુસ્તક આધારિત Open Book Exam નું આયોજન કરવામાં આવ્યું છે. વહેલો તે પહેલો ના ધોરણ નીચે સરનામેથી પુસ્તક, પ્રશ્ન પત્ર અને ઉત્તર પત્ર મેળવી લેવા વિનંતી. રૂા.૨૦૦ ભરીને નામ લખાવી આજે જ પુસ્તક મેળવી લે.




પ્રારંભ તા.૧ ઓક્ટોબર. ઉત્તર પત્ર પરત કરવાની અંતિમ તા.૧ જાન્યુ. ૨૦૨૩ પુસ્તક મેળવવાનું સરનામું ૧) સુશ્રાવિકા લતાબેન લહેરચંદ વીકમશી, ૨/૩૯, અનંત નિવાસ, ભાત બજાર, ૨૬૨/૭૦, નરશીનાથા સ્ટ્રીટ, મસ્જિદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૩. મો.નં.૯૩૨૩૯૪૪૧૧૭ ૨) અ.સૌ. મનિષાબેન હરીશ ખોના, ૧૦૬, અનંત છાયા, ૬૦ ફીટ રોડ, આર.બી.મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭. મો.નં.૯૬૬૪૭૯૮૩૯૮ ૩) અ.સૌ.દીપલબેન ખુશાલ વીરા, બી-૪૦૧, શ્રી સિધ્ધિ પ્લાઝા સોસાયટી, આર.આર.ટી. રોડ, ઓમ જ્વેલર્સ પાછળ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦. મો.નં.૯૯૩૦૯૮૦૩૯૯. ઉત્તર પત્રક મોકલવાનું સરનામું સુશ્રાવિકા લતાબેન લહેરચંદ વીકમશી મો.નં.૯૩૨૩૯૪૪૧૧૭.

# ખંડવા સંઘમાં સરસ્વતી માતાની આરાધના ધર્મ ભક્તિભાવ સાથે કરાઈ




તા.૨ ઓક્ટોબર રવિવારના રોજ મધ્યપ્રદેશ રાજ્યના ખંડવા નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પાવન સભર સાંનિધ્યમાં સરસ્વતી માતાની ધર્મ આરાધના ભક્તિભાવ સાથે કરવામાં આવી.

# લમ્પિ રોગચાળામાં ગૌસેવા કરનારાને નલિયામાં મહારાજ સાહેબ એ આશીર્વાદ આપ્યા



તાલુકા મથક નલિયામાં ૧૭૫ વર્ષ પૂર્વે ગૌસેવાનાં આશયથી શરૂ કરાયેલી પાંજરાપોળ આજપર્યંત દાતાઓ અને નલિયા ગ્રામજનોના સહયોગે કાર્યરત છે.

કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન સંચાલિત પાંજરાપોળ ગૌશાળા ચેરિટેબલ ટ્રસ્ટ આયોજિત કાર્યક્રમમાં જૈન મુનિ પ.પૂ.શ્રી રત્નાકરસાગરજી મ.સા.એ આશીર્વચન આપતાં લમ્પિ રોગચાળામાં યુવાનોએ જે જહેમત ઉઠાવી ખાસ કરીને વિશ્વ હિન્દુ પરિષદની સેવાઓ કાબિલે તારીફ રહી હોવાનું જણાવી સર્વ જીવો સાથે સદ્ભાવ, મૈત્રીભાવ, સારા વિચારોનું સંકલન સાથે આપણી સાથે જીવતા પશુઓને પણ કુટુંબભાવ આપવાની ઉદ્દાત ભાવનાની શીખામણ આપી હતી. ક.દ.ઓ. મહાજનના પ્રમુખ મૂલચંદભાઇ શાહે સૌને આવકારી જણાવ્યું કે, નલિયામાં જીવદયા પ્રવૃત્તિની શરૂઆત સમાજના એક સખી સદગૃહસ્થ દાતા દ્વારા ૧૭૫ વર્ષ પૂર્વે રૂા. ૫૦ હજારના દાનથી પશુ રક્ષા પ્રવૃત્તિની શરૂઆત પછી આજપર્યંત ચાલુ રહી છે જેનો યશ વિવિધ દાતાઓને ફાળે જાય છે.

નલિયા લોહાણા મહાજનના પ્રમુખ સતીષ ઠક્કરે ગૌસેવાની પ્રવૃત્તિ સાથે ગૌ સંવર્ધનનું કામ પણ કરાય તો પશુપાલન વ્યવસાયને બળ મળે તેમ કહી કેટલાક સૂચનો કર્યા હતા.

આ પ્રસંગે ક્ષત્રિય સમાજના ભરતસિંહ વી. જાડેજા, વેપારી એસો.ના પ્રમુખ હકુમતસિંહ જાડેજા, કોળી સમાજના પ્રમુખ અને સરપંચ રામજીભાઇ કોલી, લોહાણા સમાજના ઉપપ્રમુખ મુલજીભાઇ સેજપાલ, બ્રહ્મસમાજના ગોતમ જોષી, મહેશ્વરી સમાજના ખેતશી માસ્તર, મુસ્લિમ સમાજના દરજી સમાજના પ્રમુખ હરશ અબ્દુલભાઇ મેમણ, ગોસ્વામી સમાજના ખીમગર ગોસ્વામી, દરજી ઉપરાંત સોની સમાજના હરેશ બારમેડા, ભાનુશાલી, બ્રહ્મક્ષત્રિય, લુહાર, વાળંદ અને નલિયાના તમામ જ્ઞાતિઓના મોભીઓનું પાજરાપોળ ગૌશાળામાં આપેલા યોગદાન બદલ બહુમાન કરાયુ હતુ. આ પ્રસંગે પૂર્વ ટી. ડી.ઓ. હીરાચંદ શાહ, એડવોકેટ રમેશ મહેશ્વરી, કાંતિભાઇ બ્રહ્મક્ષત્રિય, દોલતસિંહ જાડેજા, જગદીશ ભાનુશાલી, ગોવિંદ રાઠોડ, રમેશ જોષી, રતિલાલ વાળંદ, ડાઘા, વી.એચ.પી.ના પીન્ટુ જાડેજા વગેરે રહ્યા હતા. ઉપસ્થિત પાંજરાપોળના મેનેજર ભાવેશ મૈશેરી, મહેશ કે. નાગડા અને મહાજનના યુવાનોએ વ્યવસ્થા સંભાળી હતી.

# ભાંડુપ સંઘમાં મહાકાળી માતાજીની ભક્તિ ભાવના ભણાવવામાં આવી

રવિવાર, તા.૨ ઓક્ટોબર રોજે શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપમાં મહાકાળી માતાજીના ભક્તિ ભાવના પ.પૂ.સાધ્વીશ્રી નીતિગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ની શુભનિશ્રામાં શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ દ્વારા ધામધૂમથી ભણાવવામાં આવેલ.









# મિશન પંખ દ્વારા લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં નોંધાવ્યું ધર્મેન્દ્ર પોલડીયાનું નામ

ધર્મેન્દ્ર હિંમતલાલ શાહ પોલડીયા બાયઠ-ભોપાલ દ્વારા વર્ષોથી મિશન પંખ અંતર્ગત પિંજરામાંથી પાલતુ પક્ષીઓને મુક્ત કરવાની ઝુંબેશ ચલાવાય છે. આ મિશન દ્વારા આજ સુધી ૩૦ હજાર પક્ષીઓ ગગનમાં ઉડવા મુક્ત થયા છે. જુદા જુદા શહેરોમાં ૨૫ હજાર કાર્યકર્તાઓ આ મિશન સાથે સંકળાયેલા છે. મિશન પંખએ ૪૮ વર્લ્ડ રેકોર્ડ કરેલ છે અને ૨૦૦થી વધુ એવોર્ડને સન્માન તેઓ મેળવી ચૂક્યાં છે.





મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન શિવરાજ સિંહ અને રાજ્યપાલ આનંદીબેન પટેલ દ્વારા તેમનું બહુમાન પણ થયું છે.

મૂળ કચ્છ બાયઠના અને ભોપાલમાં રેસ્ટોરાં ચેઈન ધરાવતા ધર્મેન્દ્રભાઈ પોલડીયા હવે બીમાર પક્ષીઓની સારવાર માટે એક અદ્યતન હોસ્પિટલ ઊભી કરવા માટે પ્રયત્નશીલ છે. આ માટે તેમને ૧૫૦૦ ફૂટ જમીન દાનમાં મળી છે. જીવદયાની પ્રેરણા તેમને માતા લક્ષ્મીબેન દ્વારા મળી છે.

પત્ની જયશ્રીબેન અને ત્રણ પુત્રો રાજ, લક્ષ અને જય પણ આ મિશનમાં તેમની સંગે જોડાયેલ છે. લિમ્કા બુક ઓફ રેકોર્ડ દ્વારા લાંબા સમયથી ચાલતા પક્ષી બચાવ અભિયાન એટલે કે Longest-Running Birds Rescue Programme ની નોંધ લેવાઈ છે. તેઓ ૧૯૯૯થી Mission Pankh ચલાવી રહ્યાં છે.

એવોર્ડ પ્રાપ્ત કરવા બદલ ધર્મેન્દ્રભાઈ પોલડીયાને અભિનંદન.

## ભોપાલમાં મિશન પંખ ચલાવતા ધર્મેન્દ્ર શાહ પોલડીયાનું ગુજરાતી સમાજ દ્વારા સન્માન કરાયું

જીવદયાનું મિશન ચલાવતા કદઓ જ્ઞાતિના સેવાર્થી ધર્મેન્દ્ર શાહ પોલડીયાનું ગુજરાતી સમાજ ભોપાલ દ્વારા યોજાયેલ સમારોહમાં મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલના હાથે સન્માન કરાયું. આ અગાઉ લિમ્કા બુક ઓફ રેકોર્ડ દ્વારા દીર્ઘકાળથી પક્ષી અભિયાન ચલાવવા માટે longest Running Birds Rescue Programme ની નોંધ લઈ રેકોર્ડ બુકમાં તેમનું કાર્ય અંકિત કર્યું છે. દેશની તમામ જૈન ટીવી ચેનલો તરફથી જૈન રત્ન એવોર્ડ માટે પસંદ કરાયા છે. જે વર્ષ ૨૦૨૩ જાન્યુઆરીના આ એવોર્ડ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અર્પણ કરાશે. આ સન્માન એવોર્ડ ગૌરવ પ્રાપ્ત કરવા બદલ ધર્મેન્દ્રભાઈ હિંમતલાલ પોલડિયાને ભાવથી અભિનંદન.



# સુથરી મહાતીર્થે મહારાજ સાહેબના જન્મદિવસ અને સંયમ વર્ષ નિમિત્તે વિશેષ ધર્મ આરાધનાઓ થઈ







કચ્છ પ્રદેશના અબડાસા પંથકના સુથરી મહાતીર્થે શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દરબારે ચાતુર્માસાર્થે બિરાજમાન મધુર કંઠી મુનિરાજ પ.પૂ.શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.ના તા.૨ ઓક્ટોબર રવિવારના દિને ૫૯મો જન્મદિવસ તથા સંયમ જીવનના ૩૭ વર્ષના નિમિત્તે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા સહ ગુરૂ ગુણગાનનું આયોજન કરાયેલ. સુથરી જૈન મહાજનના ટ્રસ્ટી શ્રી રાજેન્દ્રભાઈ મણિલાલ ખોના સાહેબજીનું ગુણાનુવાદ કરી સંયમ જીવન કવન ઉપર વક્તવ્ય આપી રહ્યા છે.

## વારાપધ્ધર નગરે નૂતન જિનાલય ખાત મુહૂર્ત અને શિલા સ્થાપન કાર્યક્રમનું આયોજન

શ્રી વારાપધ્ધર ક.દ.ઓ.જૈન મહાજન શ્રી વારાપધ્દર જૈન યુવક મંડળ તથા જિનાલય નવનિર્માણ સમિતિના સંયુક્ત આયોજન હેઠળ માદરે વતન વારાપધ્ધર તીર્થે શ્રી આદિનાથ દાદાની છત્ર છાયામાં નૂતન જિનાલયનો ખાત મુર્હૂત અને શિલા સ્થાપના વિધિકાર નવકાર મંત્ર આરાધક નરેન્દ્રભાઈ નંદુના સથવારે ઉજવવામાં આવશે.

અચલગચ્છાધિપતિ સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાને પધારવા વિનંતી કરેલ છે. સંભવિતપણે તેઓ શ્રી પોતાના પરિવાર સાથે પધારશે. સોમવાર, તા.૬ ફેબ્રુઆરી ૨૦૨૩ના સયાજી નગરી એક્સપ્રેસ દ્વારા સંઘ રૂપે માદરે વતન માટે પ્રયાણ તા.૭ ફેબ્રુઆરી મંગળવારે શ્રી વારાપધ્ધર તીર્થે આગમન.

મહાવદ ચોથ બુધવાર, તા.૮ ફેબ્રુઆરીના શુભ દિવસે શુભ મુર્હૂતે ખાત મુર્હૂત અને મહા વદ ૬ શુક્રવારે તા.૧૦ ફેબ્રુઆરીના શુભ દિવસે શુભ મુર્હૂતે શિલા સ્થાપન શ્રી સંઘ મહાજનોની ઉપસ્થિતિમાં દાતાશ્રીના સભ્યોના વરદ હસ્તે કરવામાં આવશે. તા.૧૦ ફેબ્રુઆરીના કચ્છ એક્સપ્રેસ દ્વારા પુનઃ મુંબઈ તરફ પ્રસ્થાન.

આ અવસરે વારાપધ્ધરવાસી ગામાઈઓ તેમજ નિયાણી બહેનોને સહપરિવાર બહોળી સંખ્યામાં વારાપધ્ધર પધારી ત્રિહાન્હિકા મહોત્સવમાં લાભ લેવા શ્રી વારાપધ્ધર ક.દ.ઓ.જૈન મહાજન દ્વારા વિનંતી. ત્રિહાન્યિકા મહોત્સવની રૂપરેખા ટૂંક સમયમાં જાહેર કરાશે. જેઓને પણ શ્રી વારાપધ્ધર તીર્થે આવવાની ઈચ્છા હોય એમણે પોતાના નામો નીચે આપેલ સંપર્ક નંબર પર ફોન કરી લખવા વિનંતી. વ્યક્તિ દીઠ રૂા.૨૦૦૦ નોન રિફંડબલ ભરવા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન આપના માટે સર્વે વ્યવસ્થાઓ મહાજન મંડળ દ્વારા કરવામાં આવશે. જે ગામવાસીઓને બંન્ને પ્રસંગમાં હાજરી આપવી છે અને અવરજવર નથી કરવી તેમના માટે તા.૩૧ જાન્યુઆરીના મુંબઈથી રવાન થઈ તા.૧ ફેબ્રુઆરીથી તા.૧૦ ફેબ્રુઆરીના પરત મુંબઈ આવવા રવાનગી તા.૧૧ ફેબ્રુઆરીના મુંબઈ આગમન જેનો ચાર્જ ફક્ત રૂા.બે હજાર રાખવામાં આવેલ છે.

નામ લખાવવાની છેલ્લી તા.૫ ઓક્ટોબર નામ નોંધાવવા સંપર્ક નીતેશભાઈ લોડાયા-૯૩૨૩૯૯૩૨૮૨, ભૂપેન્દ્રભાઈ લોડાયા-૯૪૨૬૯૨૧૯૧૨ તથા અભયભાઈ લાલકા-૮૧૬૯૬૩૭૬૫૮.

# કોઠારા તીર્થે શ્રી મહાકાળી માતાજીની ભાવના ભણાવાઈ





કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના કોઠારા નગર તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી જગતત્રયાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભાવના ધર્મભક્તિ ભાવથી ભણાવાઈ.

# ખાનદેશ પ્રદેશના ચાલીસગામમાં આસો માસની નવપદ આયંબિલ ઓળી તપ આરાધના અદ્‌ભૂત રીતે થઈ રહી છે





મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રદેશના ચાલીસગામ નગર સંઘમાં શ્રી ક.દ.ઓ.જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ ચાલીસગામના શ્રી પદમ સ્વામી જિનાલયે ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પ્રેરણાથી કાયમી આયંબિલ વાડી શરૂ કરવામાં આવેલ છે.

આ ચોમાસની નવપદ આયંબિલ ઓળી તપ આરાધનામાં તપસ્વીઓ સારી રીતે ભાગ લઈ રહ્યાં છે એ સર્વે તપસ્વીઓની સંઘ અનુમોદના કરે છે. આયંબિલ એક દિવસનો નકરો રૂ.૫૦૦ માત્ર તથા એક દિવસ દસ વર્ષ માટે રૂ.૫૦૦૦ રાખવામાં આવેલ છે. સંપર્ક : હેમંત નાગડા-૭૭૫૭૦૦૮૦૮૨.

# રાયધણજર નગરે આયંબીલ ઓળી નિમિત્તે સિધ્ધચક્ર આરાધના થઈ

કચ્છ વિભાગના અબડાસા પ્રદેશના રાયધણજર નગરે પ.પૂ. સાધ્વીશ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં આયંબિલની ઓળી દરમ્યાન સિધ્ધચક્ર પૂજનની આરાધના અદ્‌ભૂત ધર્મ ભાવના સાથે અને ઉલ્લાસ ઉમંગ ભાવથી વિધિકાર કેશવજીભાઈ ગડા સથવારે યોજાઈ.



# ૫૧ વર્ષનું સંયમી જીવન જીવનારા
# પ.પૂ.સા.શ્રી કીર્તિગુણાશ્રી મ.સા. ચેમ્બુરમાં કાળધર્મ પામ્યા








કચ્છ પુનડીના માતુશ્રી મૂળબાઈ રામજી વેલજી છેડાના પુત્રી સંયમજીવન ગ્રહણ કરી પ.પૂ.સા.શ્રી પૂર્ણાનંદશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ પ.પૂ.આ.શ્રી કીર્તિગુણાશ્રીજી મ.સા. તરીકે ઓળખાયા. પૂજ્યશ્રી ૨૦૨૭ ચૈદ વદ ૧૨ના પુનડી નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી હતી.

પૂજ્ય સાહેબ સાયન કોલીવાડા સંઘમાં ચાતુર્માસ સ્થિરતા કરેલ. રવિવાર તા.૨૫ સપ્ટેમ્બરના બપોરે તબિયત બગડતાં ચેમ્બુર ઝેન હોસ્પિટલમાં એડમીટ કરાયા હતા. તા.૧ ઓક્ટોબર શનિવારના ચેમ્બુર ઉપાશ્રયમાં પ.પૂ.આ.શ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા. અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના અધિકારીઓ, ચેમ્બુર સંઘના અધિકારીઓ, પૂજ્યશ્રીના સંસારી પરિવારજનોની સંયુક્ત મિટિંગ મળી. જેમાં હોસ્પિટલમાં સારવાર કરી રહેલ ડૉ. જયેશ ગોસર, દેવપુરના અભિપ્રાય મુજબ પૂજ્યશ્રીની તબિયતમાં કોઈ વિશેષ સુધારો ન થતાં પાલીતાણા મહાતીર્થમાં ચાતુર્માસ બિરાજમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નું માર્ગદર્શન લઈ તા.૨ ઓક્ટોબર રવિવારના હોસ્પિટલથી ડિસ્ચાર્જ લઈ ચેમ્બુર અચલગચ્છ સંઘના ઉપાશ્રયમાં લઈ આવવામાં આવેલ જ્યાં પ.પૂ.સા.શ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ અને ચેમ્બુર સંઘની કમિટી તથા શ્રાવક શ્રાવિકાઓ સાધ્વીજી મ.સા.ની વૈયાવચ્ચ કરી હતી.

તા.૩ ઓક્ટોબર સોમવારના ૫૧ વર્ષનું ચારિત્રનું સુંદર પાલન કરી બપોરે ૧૨.૧૨ કલાકે શાતાપૂર્વક કાળધર્મ પામ્યા. સાહેબનો પાર્થિવ દેહ ચેમ્બુર અચલગચ્છ જૈન સંઘ જૈન દેરાસરની પાછળ રોડ નં.૧૦ ચેમ્બુરમાં પધરાવેલ. તેમના અંતિમ દર્શનાર્થે શ્રાવક શ્રાવિકો પધાર્યા હતા. અંતિમ યાત્રાના ચડાવા ૩.૩૦ વાગે થયા હતા. પાલખી યાત્રા બપોરે ૪.૩૦ કલાકે ચેમ્બુર નાકા, ટેલિફોન એક્સચેજ રૂટથી નીકળી ચરઈ સ્મશાનભૂમિ પહોંચી હતી. પાલખી યાત્રામાં ગુરૂભક્તો, શ્રાવક શ્રાવિકાઓ અશ્રુ નિતરતી આંખે જય જય નંદા જય જય ભદ્ર નાદ કરી જોડાયા હતા. ચરઈ સ્મશાન ગૃહે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.

## શ્રી ક.દ.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમ આયોજિત ઓનલાઈન સ્નેહમિલનનો યુટ્યુબ વીડિયો

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ આયોજિત સ્નેહમિલન ૨૦૨૨ અંતર્ગત ઓનલાઈન સિગ્નેચર એનાલિસીસ વિષે માહિતી પ્રદ કાર્યક્રમ સૌ. અક્ષિતા પૃથ્વી નાગડા-જાલના દ્વારા અપાયો તથા બાળકો અને મહિલાઓનો આંતરિક વિકાસ વિષે ગ્રીષ્માબેન મોમાયા-બેંગ્લોરનો સંભાષણ થયું. ૧.૨૨ અને ૧.૩૪ કલાકના બે યુટ્યુબ વીડિયો https://youtu.be/Wvr0_AIrutU તથા https://youtu.be/s_03ciXPEE0 ઉપર ક્લિક કરી જોઈ માણી શકાશે.

Samast Mahajan, Sanjivani Initiative

# CASE No.: 88

# DONATION NEEDED!

## MASTER REYANSH RAKESH LODAYA

**Age: 05 - Dombivali-Moti Khavadi**

**Severe burns & injuries on whole body, due to cylinder blast.
Underwent several skin and bone related surgeries.
One more surgery on right leg is scheduled shortly.**



**DONATION REQUIRED**

**Rs. 5.16 lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda  Branch : Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW  **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan
Medical Committee**

**80G Registration number
AANTS1160JF20212**

**Avail tax benefit under section 80G.**

*Submit Aadhar & Pan card Copy.

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

# અતીત ભરત મોતા કેરાલા સ્ટેટ ચેમ્પિયન શીપ સ્નૂકર અને બિલિયર્ડની ટ્રોફી જીતી



શ્રી અતીત ભરત મોતા કોચી એ સ્નૂકર અને બિલિયર્ડમાં કેરાલા સ્ટેટ ચેમ્પિયનશીપમાં વિજેતા થઈ ટ્રોફી મેળવી છે.

આ સિધ્ધિ બદલ શ્રી સમસ્ત મહાજન તરફથી હાર્દિક અભિનંદન. આ ક્ષેત્રે તેમની ભવિષ્યની કારકિર્દી આગેકૂચ સફળ રીતે રહે એ માટે શુભેચ્છા.

# હુબલી નગરે શ્રી ભગવતી મહાકાળી મંડળ દ્વારા ૨૬મા વર્ષે નવરાત્રિની ભવ્ય રીતે ઉજવણી થઈ





શ્રી ભગવતી મહાકાળી મંડળ હુબલી યોજિત નવરાત્રિ ઉત્સવની ૨૬મા વર્ષની ઉજવણી આનંદ અને ઉલ્હાસભેર શાંતિલાલ રામજી લાલકાના નિવાસ સ્થાને સંપન્ન થઈ. દરરોજ સારી સંખ્યામાં આબાલ વૃધ્ધ ભાવિકજનો હાજરી આપી પ્રસાદ અને પ્રભાવનાનો લાભ લીધો હતો. ઉપસ્થિત ભાવિકજનોએ સુમધુર કંઠ દ્વારા માતાજીના સ્તવનો રસાસ્વાદ માણ્યો હતો. અષ્ટમીની આરતીનો લાભ ધૃત મણ ૧૮૦૦માં માતુશ્રી તેજબાઈ તેજપાલભાઈ મોતાના પરિવારે બોલી બોલી લાભ લીધેલ.

ભક્તિ ભાવના દરમ્યાન જરા ભેજું કસી જુઓની કસોટીમાં પ્રશ્નો પુચ્છી ખરા જવાબો આપનારને ગિફ્ટ કવર ઈનામમાં અપાયા હતા. માતાજીના આગમન પ્રસંગે લક્ષ્મીચંદ શામજી નાગડા પરિવારથી ભાવિકોને મીઠું મોઢું કરવામાં આવેલ. વિજયાદશમીના સવારે આરતી ઉતાર્યા બાદ માતાજી પોતાના મૂળસ્થાનમાં બિરાજમાન થવા વિદાય થયાં હતા.

– મોકલનાર : શાંતિલાલ રામજી લાલકા, હુબલી


# સાંધવ નગરે સિધ્ધચક્ર પૂજન દ્વારા ધર્મ આરાધના અદ્ભૂત ભાવ સાથે થઈ

કચ્છના અબડાસા પ્રદેશના સાંધવ નગરે પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં વિધિકાર કેવલ સાવલાના સંગીતમય સથવારે સિધ્ધચક્ર પૂજન દ્વારા અદ્ભૂત ભાવ સાથે ધર્મ આરાધના કરાઈ.





# મધ્યપ્રદેશના ખંડવા નગરના શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થે અઢાર અભિષેક સાથે ધર્મ આરાધનાઓ થઈ



તા. ૨ ઓક્ટોબર રવિવારના દિને મધ્યપ્રદેશ રાજ્યના ખંડવા નગરના શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થમાં પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં સરસ્વતી માતાની ધર્મ આરાધના ભક્તિ ભાવ સાથે હર્ષ ઉલ્લાસના માહોલમાં થઈ. સાથો સાથ તા.૫ ઓક્ટોબર બુધવારના રોજ અઢાર અભિષેક દેરાસરમાં થયું સાથે નૂતન ચાંદીના શ્રી પાર્શ્વનાથ અને શ્રી સિધ્ધ ચક્રજી ચાંદી દેરાસરમાં પ્રવેશ કરવામાં આવ્યો.

# ડોંબિવલી સંઘમાં સરસ્વતી માતાના ભવ્ય અનુષ્ઠાન ભાવ સાથે થયા




તા.૫ ઓક્ટોબર બુધવારના દિને અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી ભાવગુણાશ્રીજ મ.સા.ની નિશ્રામાં બાળકોની વિશાળ સંખ્યાની ઉપસ્થિતિમાં જ્ઞાન દેવી સરસ્વતી માતાના ભવ્ય અનુષ્ઠાન શ્રધ્ધા ભાવ સાથે કરવામાં આવ્યા.



# દેવલાલી સંઘમાં મહારાજ સાહેબના ૮૧મા જન્મદિવસ નિમિત્તે ત્રણ દિવસની આરાધનામય કાર્યક્રમ થયા





મહારાષ્ટ્રના સુકી-ખુશનુમા હવાને કારણે હિલ સ્ટેશન જેવું મહત્વ ધરાવતા પવિત્ર તીર્થ નગરી નાસિક પડોશના દેવલાલી નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા.ના ૮૧મા જન્મદિવસ નિમિત્તે ત્રણ દિવસીય ધર્મ આરાધનામય કાર્યક્રમની હારમાળા યોજાઈ.





# શાશ્વતા શત્રુંજય મહાતીર્થે સિનિયર સિટીઝન તળેટી ૯૯ યાત્રામાં કુમારપાળ આરતી, ગિરીપૂજન અને આયંબિલ તપ આરાધના થાય છે





શાશ્વતા શ્રી શત્રુંજ્ય મહાતીર્થે અચલ ચાતુર્માઓત્સવ શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘ આયોજિત શ્રી સિધ્ધાચલ ગુણ કલા સિનિયર સિટીઝન તળેટી બાબુ દેરાસર ૯૯ યાત્રામાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં બાબુ દેરાસરમાં પાંચ સહિત આદિનાથ દાદા ચૈત્ય વંદન પ્રભુ, સાંજે કુમારપાળ આરતી સર્વેને દીવા આપીને કરાય છે. ગિરીપૂજન અને દરરોજ આયંબિલ ૧૨૫ની અધિક આયંબિલ તપસ્વી આદિ અનુષ્ઠાન થઈ રહેલ છે.

# સુથરી તીર્થે અચલગચ્છ અધિષ્ઠાયિકા
# શ્રી મહાકાલી હવન યુક્ત બ્રહદં પૂજન સાથે ભક્તિ થઈ





કચ્છ અબડાસા પ્રદેશના સુથરી તીર્થે પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં તેમજ પ.પૂ. સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ની ઉપસ્થિતિ સાથે યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.ની હાજરીમાં અચલગચ્છ અધિષ્ઠિયિકા શ્રી મહાકાલી માતાજીના હવન યુક્ત બ્રહદં પૂજન વિધિકાર શ્રી ચંદ્રકાંત દેઢિયા બિદડાવાળાના સથવારે ભક્તિ ભાવ સાથે ભણાવાયું.



# પરેલ સંઘમાં સરસ્વતી આરાધના અદ્ભૂત ભક્તિ ભાવ સાથે સંપન્ન થઈ





પરેલ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી મૌન ગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સરસ્વતી આરાધના અદ્ભૂત ભક્તિ ભાવના સાથે કરાઈ.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● અંજાર તાલુકાના સાપેડા ખાતે આવેલી એસ.આર.કે ઈન્સ્ટીટ્યૂટની વિદ્યાર્થીની વૈદેહી ગોસ્વામીએ રાષ્ટ્રીય કક્ષાએ તરણ સ્પર્ધામાં સારો દેખાવ કરીને એક સુવર્ણચંદ્રક સાથે ચાર રજત અને ત્રણ કાંસ્ય ચંદ્રક મેળવ્યા હતા. મધ્ય પ્રદેશના ઈન્દોર ખાતે રાષ્ટ્રીય કક્ષાની ફીન્સતરણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેણી હવે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

● હૈદ્રાબાદને કચ્છ સાથે જોડતી સીધી રેલ સેવા મળે એ માંગ સાથે કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રી દેવું સિંહ ચૌહાણને કચ્છ કડવા પાટીદાર સમાજ હૈદ્રાબાદના પ્રતિનિધિ મંડળે રજૂઆત કરી છે. તેલગંણાની રાજધાની સાથે કચ્છને જોડતી એકય ટ્રેન ન હોવાથી રાત્રે વસતા અને માદરે વતન કચ્છમાં વસતા અત્રેના પ્રાંતીયવાસીઓને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવે છે. અત્રેના પ્રાણી મિત્ર રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશનના મંત્રી રિધ્ધિશ જાગીરદાર પાછલા ૧૫ વર્ષથી કરેલા પ્રયાસની પણ કેન્દ્રીય પ્રધાનને જાણકારી આપવામાં આવી હતી.

● દેશના પૂર્વાંચલ રાજ્યોમાં વર્ષ ૨૦૧૫થી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના માધ્યમથી અરૂણાચલ, મણિપુર તથા ત્રિપુરા એમ ત્રણ રાજ્યોમાં આઠ મોટા શૈક્ષણિક સંકુલો બનાવી આપનાર કચ્છી ગોપાલભાઈ માવજી ગોરસિયાનું સન્માન ત્રિપુરાના ગોમતી જિલ્લાની મોટી જનસભામાં સંઘ સર સંચાલક મોહન ભાગવત દ્વારા કરાયું. ગોરસિયા પરિવાર દ્વારા દર વર્ષે વર્ષ ૨૦૧૫થી નિયમિત એક એક શૈક્ષણિક સંકુલ સુવિધાઓ સાથે ભેટ આપવામાં આવી રહ્યું છે. તે કડીના ભાગરૂપે ત્રિપુરાના ગોમતી જિલ્લાના અમરપુર ગામમાં આદિવાસી સમુદાય સાથે જોડાયેલા શ્રી શાંતિ કાલી વેલફર સોસાયટી સંચાલિત શાળાની ત્રણસો દીકરીઓ તથા ત્રણસો દીકરાઓ માટે સંપૂર્ણ સુવિધાયુક્ત બે છાત્રાલયો સાથે કુલ્લ આઠ સંકુલોના અત્યાર સુધી સંઘ પરિવારના માધ્યમથી લોકાપર્ણ કરવામાં આવી ચૂક્યા છે.

● કચ્છની લોકસંસ્કૃતિ અને સાહિત્યમાં પાઘડીને ખૂબજ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. પાઘડીથી પુરૂષની જાત અને પ્રદેશની પરખ થાય છે. કચ્છમાં મુલાકાતે પધારેલા વડાપ્રધાનને પાઘડી અને ખેસ અને બંડી પહેરાવી સન્માન કરાયું. સાંસદ વિનોદભાઈ ચાવડાના ઓર્ડરથી નખત્રાણા તાલુકાના નિરોણા ગામના ભરત ગૂંથણ સાથે સંકળાયેલા કારીગર દાદુજી સોઢાને કામગીરી સોંપી હતી. આ વસ્તુઓ ચીવટપૂર્વક બનાવતા બે મહિના લાગ્યા હતા. હાથ સાળ પર તાણાવાણાને ગૂંથીને લાંબા કાપડનું વણાટ અઘરૂં હોઈ વણકર કારીગરોએ કચ્છી કારીગરીથી શોભતી બંડી, ઉપર ભરત ભરપૂર ખેસ અને માથે ત્રિરંગા પાઘડી પહેરી સવાયા કચ્છી તરીકે વડાપ્રધાન મોદીએ શરૂઆતમાં કચ્છી ભાષામાં ઉદ્‌બોધન શરૂ કર્યું હતું.

● કચ્છની મુલાકાતે પધારેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતે રાજ્ય પરિવારના મહારાણી પ્રીતિદેવીએ કુંવર ઈન્દ્રજીત સિંહ જાડેજા સાથે મુલાકાત લીધી હતી. ગત વર્ષે કચ્છના અંતિમ રાજવી પ્રાગમલજી ત્રીજાના અવસાન પછી વડાપ્રધાને પાઠવેલા શોક સંદેશ અને સાંત્વના બદલ તેમણે આભાર માન્યો હતો. રાણી પ્રીતિદેવીએ પ્રકૃતિના રખરખાવ ખાસ તો ચાડવા રખાલના જતન માટે લેવાયેલી માવજતની વિગતો આપી હતી. કચ્છ રાજ્યની જૂની બેતાલીસ રખાલોમાં ચાડવા રખાલનો સોથી મોટો વિસ્તાર ૫૦૩૩ હેક્ટર ધરાવે છે. જેને આજુબાજુના બાર ગામોની સીમ અડે છે. રાજાશાહી વખતથી રખાલો દુષ્કાળના વર્ષો વખતે આસપાસના ગામના લોકોને અને પશુ પાલકોને હિજરત ન કરવી પડે અને ચારો મળી રહે તે માટે કાયમ કામમાં અને ઉપયોગમાં આવતી ચાડવા રખાલમાં ઘણાં કુદરતી જળાશયો છે. તેમાંથી સૌથી મોટું પ્રાગસર તળાવ પ્રાગમલજી બીજાએ ૧૮૭૧માં બંધાવેલું હતું. જેમાં સતત ત્રણ ત્રણ દુષ્કાળો પડે તો પણ પાણી સુકાતું નથી.

● રાજ્યના સૌથી જૂના કચ્છ મ્યૂઝિયમના સ્થાપનાના ૧૪૫ વર્ષથી ઉજવણીના ઉપલક્ષમાં યોજાનારા વિવિધ કાર્યક્રમોના ભાગ રૂપે રાજ્ય સરકારના સંગ્રહાલય અને પુરાત્વ વિભાગ કચ્છ સંગ્રહાલય દ્વારા આપણા મંદિરને જાણીએ એ વિષય અંતર્ગત હેરિટેજ વોક યોજાઈ. ભુજ નગરના ઈતિહાસ સાથે જોડાયેલા જૂના મંદિરો, કલ્યાણેશ્વર, જાગનાથ, ભીમનાથ, સત્યનારાયણ, સૂર્યનારાયણ, લક્ષ્મીનારાયણ, દ્વારકાધીશ, હાટકેશ્વર, રઘુનાથજી, સ્વામિનારાયણ પ્રસાદી મંદિર તથા કચ્છ કુળદેવી આશાપુરા મંદિરની રસિકોને મુલાકાત કરાવી તેના ઈતિહાસ, પ્રતિષ્ઠા અને સ્થાપત્યની સમજ અપાઈ હતી.

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

સહર્ષ રજૂ કરે છે



# RHD
# ઉન્નતિ લોન
## વ્યાજ મુક્ત

ઝડપી અને વ્યાજ મુક્ત વ્યવસાય લોન
વડે તમારા ઉદ્યોગ ને વિસ્તૃત અને સુરક્ષિત કરો.

**શુભ શરૂઆત : ૪થી જુલાઈ ૨૦૨૨**

**ઓછામાં ઓછું કર્જ રૂા. ૫૦,૦૦૦/- અને**
**વધુમાં વધુ કર્જ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી.**

વ્યાજ દર ૯.૫% p.a. રહેશે જે સંસ્થા ભરશે.

પ્રોસેસીંગ ફી ૧% કર્જની રાશીની જે સંસ્થા ભરશે.

કર્જદારે માત્ર મુદ્દલના હપ્તા ભરવાના રહેશે.

સાથે જોડાણમાં

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

વિશેષ જાણકારી પ્રાપ્ત કરવા આપશ્રીને નમ્ર વિનંતી કૃપા કરીને શ્રી અરિહંત બેંકની કોઈપણ શાખાનો સંપર્ક કરો.

| | | | | |
|---|---|---|---|---|
| મસ્જીદ બંદર 86526 30384 | માટુંગા (સે.રે.) 86526 30389 | ઘાટકોપર 86526 30383 | ભાંડુપ 86526 30381 | મુલુંડ 86526 30382 |
| થાને 86526 30388 | ડોંબીવલી 86526 30386 | બોરીવલી 86526 30390 | મોહીલી વિલેજ 86526 30385 | વાશી 86526 30387 |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)